
મેકમિલન્સ ન્યુ

ઇંગ્લીશ પ્રાઇમર

શબ્દ સૂજના અર્થ.



કિંમત ૪ આના.

મૅકમિલન્સ ન્યુ

ઇંગ્લીશ રીડર.

પ્રાઇમર બીજાના

ટુંક વાકયોની સમજુતિ તથા
ગુજરાતી તરજુમા સાથે
અર્થ.

લખનાર
સી. એમ. પટેલ.

પ્રસિદ્ધ કરનાર
બાલકૃષ્ણ લક્ષ્મણ પાઠક.
બુકસેલર અને પબ્લિશર
માતીબજાર, મુંબઇ.

કીંમત ૪ આના.

Printed by Vinayak Balkrishna Paranjpe at the Native Opinion Press, No. 2, Angria's Wadi, Girgaon, Bombay and published by Pandharinath Vinayak Pathak of Balkrishna Laxman Pathak No. 2, Motibazar, Bombay.

NEW ENGLISH PRIMER II.

I. MY FATHER.

My (માય્) મારો-રી-રૂં.
Father (ફાધર્) બાપ.
Who (હુ) કોણ.
Workes (વર્ક્સ્) કામ કરેછે.
Hard (હાર્ડ્) કઠણ.
Me (મી) મને.
Takes (ટેઇક્સ્) લેછે.
Care (કેર્) સંભાળ.
Of (ઑફ્) નો-ની-નું.
(છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.)
Best (બેસ્ટ્) ઉત્તમ.
Friend (ફ્રેન્ડ્) મીત્ર.
I (આઇ) હું.
Love (લવ્) ચાહું છું.

PHRASES.

For Me (ફૉર્ મી) મારે માટે.

Takes care of me (ટેઇક્સ્ કેર્ ઑફ્ મી) મારી સંભાળ લેછે.

પાઠ ૧ લો. મારા પિતાજી.

મારે માટે કોણ સખત કામ કરેછે? મારી સંભાળ કોણ લેછે? મારો ઉત્તમ મીત્ર કોણ છે? મારા પિતાજી. હું પિતાજીને ચાહું છું. મારા પિતાજી મને ચાહેછે.

---

2. MOTHER AT HOME.

Mother (મધર્) માતાજી; મા.
At (ઍટ્) તરફ; બાજુ.
Home (હોમ) ઘેર.
Has (હૅઝ્) નીચાસેછે; નેછે.
Gone (ગૉન્) ગયેલા
His (હિઝ્) તેનો-ની-નુ.
To (ટુ) ને; કને; પાસે

Work (ઉર્ક્) કામ.
Two (ટૂ) બે.
Boys (બૉઇઝ્) છોકરા.
To school (ટુ સ્કૂલ્) નીશાળે.
Three (થ્રી) ત્રણ
Little (લિટલ્) નાની.
Girls (ગર્લ્સ્) છોકરીઓ.
Are (આર્) છે.
Too (ટૂ) વળી, પણ.
Here (હીઅર્) અહીંઆં.
They (ધે) તેઓ
In (ઇન્) અંદર; માં.
Picture (પિક્ચર્) ચીત્ર; છબી.
What (ઉવૉટ્) શું.
Are doing (આર્ ડુઇંગ્) કરેછે.
Is teacling (ઇઝ્ ટીચીંગ્) શીખવેછે
Her (હર્) તેની; તેણીની.
To write (ટુ રાઇટ્) લખવાને
Are si ting (આર્ સિટિંગ્) બેઠી છે.
All (ઑલ્) સર્વે; બધા.
Mat (મૅટ્) ચટાઈ.

One (વન્) એક.
Is putting (ઇઝ્ પુટિંગ્) મુકેછે.
Flowers (ફ્લૉવર્ઝ્) ફુલ.
On (ઑન્) ઉપર.
A (એ) એક; એકાદું.
String (સ્ટ્રિંગ્) દોરી.
The (ધી) તે.
Other (અધર્) બીજી.
Books (બુક્સ્) ચોપડીઓ.
Are writing (આર્ રાઇટિંગ્) લખેછે.
Is holding (ઇઝ્ હોલ્ડિંગ્) પકડેછે.
Fan) ફૅન્) પંખો.
Hand (હૅન્ડ્) હાથ.
She (શી) તેણી.
Ear–rings (ઇઅર્–રિંગ્ઝ્) એરિંગો.
Necklace (નેક્ લેઈસ્) કંઠી.
Round (રાઉન્ડ્) ગોળ; ચો ગરદમ.
Neck (નેક્) ગરદન; કોટ
Ears (ઇઅર્સ્) કાન.
Have (હેવ્) ની પાસેછે; નેછે.

PHRASES.

Has gone to hio work--તેને કામે ગયા છે.
She has a necklace—તેણીએ કંઠી પહેરીછે.

પાઠ ૨ જો. ઘરે મા.

બાપા તેને કામે ગયા છે. બે છોકરાઓ નીશાળે ગયાછે. ત્રણ નાની છોકરીઓ ઘેર છે. મા પણ ઘેર છે તેઓ ચીનોમાં આ! રહ્યાં. તેઓ શું કરેછે ? મા તેની નાની છોકરીઓને લખવાનુ શીખવેછે તેઓ બધી ચટાઇ ઉપર બેઠીછે. એક દોરી ઉપર ફુલો મુકેછે. બીજી બે છોકરીઓ ચોપડીઓમાં લખેછે. મા તેના હાથમા પંખો પકડેછે. તેણી એ ડોકની ચોગરદમ કઠી પહેરીછે. તેણીએ તેણીના કાનમાં એરિંગ પહેર્યા છે. છોકરીઓએ એ પણ પહેર્યાં છે.

---

3. BABY.

Baby (બેબી) બાળક; બચ્ચું.
See (સી) જોવું.
Child (ચાઇલ્ડ્) છોકરૂં.
Where (ઉવ્હેર્) કયા.
There (ધેર્ ઈઝ્)પેલું રહ્યું.
Table (ટેબલ્) મેજ.
Can (કૅન્) શકવું.
Large (લાર્જ્) મોટું.
Behind (બીહાઈન્ડ્) પછાડે.
Close to (ક્લોઝ્ ટુ) નજદીક.

In front of (ઇન્ ફ્રન્ટ્ ઑફ્) નજદીક; પાસે.
It (ઈટ્) તે.
Is looking (ઇઝ્ લુકિંગ્) જુએછે.
You (યુ) તમે.
Will (ઉવિલ્) ભવિષ્ય કાળની નીશાની.
Will fall (ઉવિલ્ ફૉલ્) પડી જશે.
Off (ઑફ્) દુર.
Oh (ઓહ્) અરે.
No (નો) નહી.

Safe (સેઇફ્) સહીસલામત.
May (મે) આગ્નાર્થની નીશાની.
May give (મે ગિવ્) આપું.
Cup (કપ્) પ્યાલું.
Milk (મિલ્ક્) દુધ.
Yes (યસ્) હા.
May have (મે હેવ્) મળે
Something (સમ્ થિંગ્) કંઇક ચીજ.
Bangle (બૅન્ગલ્) બંગડી.
Wrist (રિસ્ટ) કાંડું.
Each (ઇચ્) દરેક.
Anklet (ઍન્કલેટ્) તોડો. સાંકળું.
Ankle (ઍન્કલ્) ઘુંટી.
Small (સ્મૉલ્) નાના.
Hands (હૅન્ડસ્) હાથ.
Left (લેફ્ટ્) ડાબો.
Some (સમ્) કેટલાંક.
More (મોર્) વધારે.
Nothing (નથિંગ્) કંઇ નહી.
Right (રાઇટ્) જમણો.
Any (ઍની) કોઇક.
Thing (થિંગ્) ચીજ; વસ્તુ.

Tell (ટેલ્) કહેવું.
Name (નેમ્) નામ.
Ratha (રાધા) છોકરીનું નામ છે.
But (બટ્) પણ.
We (ઉવી) અમે; આપણે.
Call (કૉલ્) કહીએ છીએ.
Walk (ઉવૉક્) ચાલવું.
A little (એ લિટલ્) થોડુંક.
Far (ફાર્) દુર.
Cannot (કૅનૉટ્) શકતા નથી.
Talk (ટૉક્) વાત કરવી.
Much (મચ્) વધારે.
Yet (યટ્) હજુસુધી.
Soon (સૂન્) તરતજ.
Get (ગેટ્) મેળવવું.
Big (બિગ્) મોટું.
Run (રન્) દોડવું.
Shape (શેઇપ્) આકાર
Long (લૉંગ્) લાંબો.
Handle (હેન્ડલ્) હાથો.
Be (બી) થવું; હોવું.
Kind (કાઇન્ડ્) માયાળુ.
Speak (સ્પીક્) બોલવું.
Gently (જેન્ટલી) નરમાશથી.

PHRASES.

She may have a cup of milk—તેને દુધનો પ્યાલો મળવા દો.

She has a bangle—તેણીએ બંગડી પહેરીછે.

She will get big—તેણી મોટી થશે.

પાઠ ૩ જો. બચ્ચું.

મા —હું બચ્ચું જોઉં છુ. છોકરૂં—બચ્ચું કયાં છે ? મા—પેલી રહી. તેણી મેજ ઉપર બેઠી છે. હું મોટા પંખો જોઈ શકું છું. છોકરૂં—પંખો કયા છે ? મા—પંખો બચ્ચા પછવાડે છે. તેણી તેની નજદીક બેઠી છે. તેણી તેની આગાડી બેઠી છે છોકરૂં—તેણી શું કરે છે ? મા—તેણી તમારી અને મારી તરફ જુએછે. છોકરૂં—તેણી ટેબલ ઉપરથી પડી જશે નહી ? મા—અરે ના, તેણી પડી જશે નહી. તેણી ટેબલ ઉપર સહી સલામત છે. છોકરૂં—હું તેણીને દુધનો પ્યાલો આપું ? મા—હા તેણીને દુધનો પ્યાલો મળશે. છોકરૂં—તેણીની ડોકની આસપાસ કંઇક જોઇ શકું છું. તે શું છે ? મા—તે કંઠી છે. તેણીએ દરેક કાંડા ઉપર બંગડી અને દરેક ઘુંટણ ઉપર તોડો પહેર્યો છે. છોકરૂં—તેણીના હાથ કેવા નાના છે ! તેણી તેણીના ડાબા હાથમાં શું પકડેછે ? મા—તેણી તેણીના ડાબા હાથમાં કેટલાંક ફુલ પકડે છે. હું ટેબલઉપર તેણીની નજદીક કેટલાંક વધારે ફુલ જોઈ શકું છું. છોકરૂં—હું તેણીના જમણા હાથ કંઇએ જોતો નથી. મા—ના, તેણી તેણીના જમણા હાથમાં કંઇએ પકડતી નથી છોકરૂં—મને તેણીનું નામ કહો. મા—તેણીનું નામ રાધા છે, પણ અમે તેને "બેબી" કહીએ છીએ. છોકરૂં—બેબી ચાલી શકે ? મા—હા, તેણી થોડુંક ચાલી શકે. તેણી દુર ચાલી શકે નહી. તેણી મારો હાથ પકડેછે અને ચાલે છે છોકરૂં—તેણી વાત કરી શકે ? મા—ના, તેણી હજીસુધી વધારે વાત

ફરી શકતી નથી તેણી જલદી મોટી થશે ત્યારે તેણી ચાલશે અને વાત કરશે અને દોડશે છોકરૂં પંખાનો આકાર કેવોછે ? મા—પંખો ગોળ છે તેને લાંબો હાથો છે. નાના બેબી જોડે માયાળુ થાઓ; તેણીની જોડે નરમાશથી બોલો.

---

4. THE NEW KITE.

New (ન્યુ) નવી.
Kite (કાઈટ્) પતંગ.
Keshu (કેશુ) છોકરાનું નામ છે.
Vitloo (વિટ્) છોકરાનું નામ છે.
Very (વેરી) ઘણું.
Well (વેલ્) સારી પેઠે.
Will come (વિલ્ કમ્) આવીશ.
With (વિથ્) સાથે-થી થકી.
Want (વૉન્ટ્) માગુંછું; જરૂર છું.
To fly (ટુ ફ્લાઇ) ઉડાડવાને
Gave (ગેઈવ્) આપ્યો.
Never (નેવર્) કદી નહી.
Saw (સૉ) જોયો.
Yesterday (યસ્ટર્ડે) ગઈ કાલે
Made (મેઈડ્) બનાવ્યો.
Good (ગૂડ્) સારો.
Paper (પેપર્) કાગળ.
Nice (નાઈસ્) સુંદર.
Fine (ફાઈન્) સુંદર.
Tail (ટેઇલ્) પુંછડી.
Strong (સ્ટ્રૉંગ્) મજબુત.
Break (બ્રેક્) ભાગવું,તુટવું.
High (હાઇ) ઉંચો.
Make (મેઈક્) કરવું; બનાવવું.
Over (ઓવર્) ઉપર થઈને.
River (રિવર્) નદી.
Stand (સ્ટૅન્ડ્) ઉભા રહેવું.

PHRASES.

I will make it fly—હું તે ઉડાડીશ.
Let us go home—ચાલો આપણે ઘેર જઈએ.

પાઠ ૪ થો. નવી પતંગ.

કેશુ—વિઠ્ઠુ, ચાલ, ચાલો આપણે ઘેર જઇએ. તરતજ અંધારૂં થશે. હું તરતજ ઘેર પહોંચવાને માગું છું. વિઠ્ઠુ—કેસુ, ઘણું સારૂં. હું તમારી સાથે આવીશ. તમે ઘેર શું કરશો? કેશુ—હું મારી નવી પતંગ ઉડાડવાને માગું છું. વિઠ્ઠુ—તમને કોણે પતંગ આપી? મેં કદી જોઈ નહી. કેશુ—મારા ભાઈએ મને તે ગઈ કાલે આપી તેણે તે બનાવી તેણે તે સારા કાગળની બનાવી. તે ઘણી સુંદર પતંગ છે તેને સુંદર પુંછડી છે. વિઠ્ઠુ—તમારી પાસે થોડાએ દોર છે? કેશુ—અરે હા! મારી પાસે દોરીનો મોટો દડો છે. તે સારી મજબુત દોરી છે. તે તુટશે નહી. મારી પતંગ ઘણે ઉંચે ઉડી શકેછે. હું તેને નદી ઉપર થઇને ઉડાડીશ. વિઠ્ઠુ—પછવાડે ઉભો રહીશ અને તમારા તરફ જોઇશ.

---

5. THE MANGO.

Mango (મૅન્ગો) કેરી.
Boy (બૉય્) છોકરો.
Ripe (રાઇપ્) પાકી.
Quite (ક્વાઈટ્) તદન.
Full of (ફુલ્ ઑાફ્)ભરપુર.
Sweet (સ્વીટ્) મધુર.
Juice (જ્યુસ) રસ
How (હાઉ) કેવી રીતે.
Know (નો) જાણવું.
Feel (ફીલ્) લાગવું.
Smell (સ્મેલ્) સોડવું.
Must (મસ્ટ્) જોઇએ.
How many (હાઉ મૅની) કેટલા.

Leaves (લીવ્ઝ) પાંદડાં.
Stalk (સ્ટૉક્) ડાંખળી
Only (ઓન્લી) ફક્ત.
But (બટ્) પણ.
Why (વ્હાઈ) શામાટે,કેમ.
Has fallen off (હૅઝ ફૉલન્ ઑાફ્) પડી ગયાં છે.
Eat (ઇટ્) ખાવું.
These (ધીઝ) આ.
Like (લાઇક્) ગમવું, પસંદ પડવું.
Taste (ટેઇસ્ટ્) સ્વાદ લાગવો.
Picked (પિક્ડ્) ચુંટવું.
Tree (ટ્રી) ઝાડ.

Our (અવર્)અમારો-રી-રૂં. | Fit (ફિટ્) લાયક.
Garden (ગાર્ડન્) બાગ. | Ill (ઇલ્) માંદા.
Green (ગ્રીન્) લીલી. | Die (ડાઇ) મરવું.

PHRASES.

If you like—જો તમારી મરજી હોય તો.

Where did you get it—તમે તે ક્યાંથી મેળવી ?

Thank you—તમારો આભાર માનું છું.

If you get ill (ઇફ યુ ગેટ્ ઇલ્) જો તમે માંદા પડો તો

પાઠ ૫ મો. કેરી.

છોકરો—અહીંઆં ત્રણ સુંદર કેરીઓ છે. ભાઇ—આ કેરીઓ પાકી છે ? છોકરો—હા, તેઓ તદન પાકી છે અને સુંદર રસથી ભરપૂર છે. ભાઇ—તેમ તે કેવી રીતે જાણો છે ? છોકરો—તેઓ પાકી દેખાય છે અને તેઓ પાકી લાગેછે, અને તેઓ પાકી સોડેછે. ભાઇ—હા તેઓ ઘણી મજેની સોડેછે. તેઓ પાકી હોવી જોઇએ. છોકરો—તમે કેટલાં પાંદડાં જોઇ શકો છો ? ભાઇ—હું બે પાંદડાં જોઇ શકું છું દરેક કેરીને ડાંખળી છે. ત્યાં ત્રણ કેરીઓ અને ત્રણ ડાંખળીઓ છે, પણ ફક્ત બે પાંદડાં છે. એક ડાંખળીને તેના ઉપર પાંદડું નથી. કેમ તેને પાંદડું નથી ? છોકરો—તે ડાંખળી ઉપરનું પાંદડું ખરી પડ્યું છે ભાઈ—આ કેરીઓમાંની એક હું ખાઉં ? છોકરો—હા, જો તમારી મરજી હોય તો તમે એક ખાઓ. આવો અને અ-હીંઆં બેસો અને તે ખાઓ. તે સુંદર સ્વાદમાં લાગેછે? ભાઇ—હા, તમારો આભાર માનું છું; તે ઘણી સુંદર સ્વાદ લાગે છે. મને આ કેરી ગમેછે. તમે તે ક્યાંથી મેળવી ? છોકરો—મેં આપણા બાગમાં ઝાડ ઉપરથી તેને તોડી. ભાઈ—ઝાડ ઉપર કાંઇ વધારે પાકી કેરીઓ છે ? છોકરો—ના, ઝાડ ઉપરની બીજી કેરીઓ લીલી છે.

તેઓ હજુસુધી પાકી નથી. તેઓ ખાવાને હજુ લાયક નથી. આપણે તેમને તોડવી જોઈએ નહી. લીલી કેરીઓ ખાતા નહી, જો તમે ખાશો તો તમે માંદા પડશો. જો તમે માંદા પડો તો મરી જાઓ.

---

6 THE KNIFE.

Knife (નાઇફ્) છરી.
See (સી) જોઉં.
Cut (કટ્) કાપવું.
Paper (પેપર્) કાગળ.
Mend (મેન્ડ્) સુધારવું; સમારવું.
Pencil (પેન્સિલ્) સીસાપેન
Hard (હાર્ડ્) કઠણ; સખત.
Sharp (શાર્પ્) તીક્ષ્ણ
Blades (બ્લેઇડ્ઝ્) પાનાં.
Open (ઓપન્) ઉઘાડું.
Shut (શટ્) બંધ કરવું.
If (ઇફ્) જો–તો.
What (વૉટ્) કઇ.
Sort (સૉર્ટ્) જાત.
Bone (બોન્) હાડકું.
Steel (સ્ટીલ્) પોલાદ.
Name (નેઇમ્) નામ.
Pen (પેન્) કલમ.
Often (ઑફન્) વારંવાર
Penknife (પેન્ નાઇફ્) ચપ્પુ.
Quill (ક્વિલ્) શાહોડીઉં.
Soft (સૉફ્ટ્) નરમ, પોચું.
Please (પ્લીઝ્) મેહરબાની કરીને.
Myself (માઇસેલ્ફ્) મારી જાતે.
Ask (આસ્ક્) પુછવું.
To buy (ટુ બાય્) ખરીદવાને.
Like (લાઇક્) જેવું.
Bought (બૉટ્) ખરીધું.
Shop (શૉપ્) દુકાન.
Pay for (પે ફાર) કીમ્મત આપવી.
Paid (પેઇડ્) કીમ્મત આપી.
Eight (એઇટ્) આઠ.
Annas (આનાઝ્) આના.
So (સો) એજપ્રમાણે.
Late (લેઇટ્) મોડું.
Bed (બેડ્) પથારી.
To read (ટુ રીડ્) વાંચવાને.

Lie (લાઈ) જુઠું.
Hurt (હર્ટ) ઇજા કરવી.
Anybody (ઍની બડી) કોઈપણ.

PHRASES.

I must go to bed—મારે પથારીએ જવું જોઇએ (મારે સુવા જવું જોઇએ).

પાઠ ૬ ઠ્ઠો છરી.

કેસુ—જુઓ, આ મારી નાની છરી છે. ગોપુ—કેવી સુંદર છરી ! તે કાપી શકેછે ? કેસુ—અરે હા ! તે કેરી કાપી શકે તે કાગળ કાપી શકે. ગોપુ—તે પેન્સીલ સુધારી શકે ? કેસુ—હા, પેન્સીલ સખ્તછે, પણ મારી છરી તે કાપી શકે. તેને હાથો અને ત્રણ પાનાં છે. તે ઉઘાડું છે અને તીક્ષ્ણ પાનાં જોઈ શકશો જો તમે તેને બંધ કરો, તો તમે પાનાં જોઇ શકતા નથી. ગોપુ—કઈ જાતનો હાથો તેને હોય છે ? કેસુ—તેને હાડકાનો હાથો હોય છે, અને પાનાં પોલાદનાં હોય છે. ગોપુ—આ છરીનું નામ મને કહો. કેસુ—તે કલમ કાપી શકે, અને હું તેનાથી વારંવાર કલમ સુધારૂં છું. અમે તેને ચપ્પુ કહીએ છીએ. ગોપુ—તે સ્ટીલપેન કાપી શકે ? કેસુ—ના, હું તેનાથી શીંહોરીઆની કલમ સુધારી શકું છું, પણ તે પોલાદ કાપી શકતું નથી. પોલાદ ઘણું કઠણ હોય છે. શીંહોરીઉં નરમ હોય છે. ગોપુ—મહેરબાની કરીને મને આ છરી આપો. કેસુ—ના, હું તમને તે આપી શકતો નથી. મારે પોતાને તે જોઈએ છીએ. તેના જેવી એક તમારે માટે ખરીદવાને તમારા બાપને કહો. ગોપુ—આ સુંદર ચપ્પુ તમે ક્યાંથી ખરીદ્યું ? કેસુ—બાપાએ ગઇ કાલે દુકાનમાં તે ખરીદ્યું. ગોપુ—તેમણે તેની શું કીમ્મત આપી ? કેસુ—તેના તેણે આઠ આના આપ્યા. તેણે જાતે મને એવું કહ્યું હવે તમારે ઘેર જવું જોઇએ. ઘણું મોડું થયું છે. મારે સુવાને

જવું જોઇએ. મારે વાંચતાં શીખવું જોઇએ. મારે લખતા શીખવું જોઇએ. મારે જુઠું બોલવુ જોઇએ નહી. મારે કોઇને ઇજા કરવી જોઇએ નહી.

---

7. THE COW.

Cow (કાઉ) ગાય.
Calf (કાફ) વાછરડું.
Man (મૅન્) માણુસ
Women (વુમન્) સ્ત્રી.
Who (હુ) કોણ.
Milkman (મિલ્કમૅન) ગોવાળ, ગાય દોહનાર.
Pot (પૉટ્ દોણી, માટીનું વાસણ.
Things (થિંગ્ઝ) ચીજો.
What for (વૉટ્ ફૉર્) શાનેમાટે.
Then (ધેન્) ત્યારપછી.
Pour (પોર્ રેડવું.
Those (ધોઝ્) પેલા. (ધૅટ્નું બહુવચન.)
When (હ્વેન્) ક્યારે.
Every (એવરી) દરેક.
Morning (મૉર્નિંગ્)સવાર
To milk (ટુ મિલ્ક્)દોવાને
House (હાઉસ) ઘર.
To sell (ટુ સેલ્) વેચવાને.
Standing(સ્ટૅન્ડિંગ્)ઉભેલી.
There (ધેર્) ત્યાં.
Where from (હ્વેર્ ફ્રૉમ્) ક્યાથી.
Out of (આઉટ્ ઑફ) માંથી; માંથી બહાર.
Herself (હર્ સેલ્ફ) તેણીની મેળે.
Hers (હર્સ્) તેણીનો.
Fill (ફિલ્) ભરવુ.
Away (અવે) દુર.
Take away (ટેઇક્ અવે) લઇ જવું.
Nose ring (નોઝ્ રિંગ) વાળી.
Nose (નોઝ્) નાક.
Basket (બાસ્કેટ્)કંડીઓ.
Ground (ગ્રાઉન્ડ્) જમીન.
Is putting (ઇઝ્ પુટિંગ) મુકેછે.
Head (હેડ્) માથું.

Underneath (અન્ડર્-નીથ્) નીચે.
Its (ઇટ્સ્) તેનું.
Is trying (ઇઝ્ ટ્રાઇંગ્) યત્ન કરેછે.
Itself (ઇટ્ સેલ્ફ્) તેની જાતે.
Let (લેટ્) રજા આપવી.
Drink (ડ્રિન્ક્) પીવુ.
Grass (ગ્રાસ્) ઘાસ
Bran (બ્રાન્)
Beans (બીન્સ્)
Stra.v (સ્ટ્રૉ) સુકું ઘાસ.
Clear (ક્લીઅર્) ચોખ્ખું.
Cold (કોલ્ડ્) ઠંડું.
Water (વૉટર્) પાણી.
Tie (ટાઇ) બાંધવું.
Hind (હાઇન્ડ્) પાછલા.
Legs (લેગ્ઝ્) પગો.
Together (ટુ ગેધર્) સાથે.
To keep from (ટુ કીપ્ ફ્રૉમ્) અટકાવવાને.
Kicking (કિકિંગ) લાત મારતો.
Upset (અપ્ સેટ્) ઉંધું વાળવું.
Hurt (હર્ટ્) ઇજા કરવી.
How much (હાઉ મચ્) કેટલું.
Seers (સીઅર્સ) શેર.
Day (ડે) દીવસ.
In the evening (ઇન્ ધી ઇવનિંગ્) સાંજે.
Again (અગેઇન્) ફરીથી.
Horns (હૉર્ન્સ) શીંગડાં.
Of use (ઑફ્ યુઝ્) ઉપયોગનાં.
Fight (ફાઇટ્) લડવું.
Short (શોર્ટ્) ટૂંકા.
Very fast (વેરી ફાસ્ટ્) ઘણી ઉતાવળથી.
Small (સ્મૉલ્) નાનું.
Mine (માઇન્) મારૂં.
Yours (યૉર્સ) તમારૂં.
White (હ્વાઇટ્) સફેદ.
Sweet (સ્વીટ્) મીઠું.
Likes (લાઇક્સ્) ઇચ્છેછે.
Young (યંગ) નાનું.

PHRASES.

He will let the oalf drink— તે વાછરડાને પીવા દેશે. **Why did the milkman tie**—કેમ દોહનારે બાંધી ? **To keep from kicking**—તેણીને લાત મારતી અટકાવાને.

પાઠ ૭ મો.

ગોવિંદ—આ ચિત્રમાં શું છે ? મને કહો. વિઠુ—હું ગાય, વાછરડો, માણસ અને સ્ત્રી જોઉંછું. માણસ કોણ છે ? તે શું કરેછે ? ગોવિંદ—તે ગાય દોહનાર છે. તે ગાય તેની ગાય છે. તે જમીન ઉપર બેઠો છે અને તેના જમણા હાથથી ગાય દોહવેછે. વિઠુ—તેના ડાબા હાથથી તે શું કરેછે ? ગોવિંદ—તેના ડાબા હાથમાં તે માટીનું વાસણ પકડેછે. દોહનાર માણસની નજીક જમીન ઉપર હું બે ચીજો જોઉંછું. તેઓ શું છે અને શા માટે છે ? ગોવિંદ—એક મોટું ગોળ વાસણ પેલું રહ્યું. અને તેની નજીક એક નાનું વાસણ છે. દોહનાર માણસ એક ઘણા મોટા વાસણમાં દોહવેછે. તે દુધથી ભરાશે. ત્યારપછી તે પેલા બે વાસણોમાં દુધ રેડશે. વિઠુ—દોહનાર માણસ ક્યારે અહીંઆં આવેછે ? ગોવિંદ-તે અહીંઆં દર સવારે ગાય દોહવાને આવેછે. તે તેની ગાય દોહવાને અને તેનું દુધ વેચવાને એક ઘેરથી બીજે ઘેર ચોગરદમ જાય છે. વિઠુ—પેલી ત્યાં ઉભેલી બૈરી કોણ છે ? તેણી ક્યાંથી આવેછે ? તેણીને શું જોઈએ છીએ ? તેણી ગાય પછવાડેના ઘરમાંથી આવીછે. તેણી પોતાને વાસ્તે થોડુંક દુધ લેવાને આવીછે. જમીન ઉપરનું પેલું નાનું વાસણ તેણીનું છે. દોહનાર માણસ તેને દુધથી ભરશે અને તેણી તે લઈ જશે. તેણીએ તેણીના કાંડાં ઉપર બંગડીઓ, ઘુંટીઉપર સાંકળાં, નાકમાં વાળી અને કાનમાં એરીંગ પહેર્યાં છે. વિઠુ—ગાય શું કરેછે ? ગોવિંદ ગાય જમીન ઉપર કંડીઆમાંથી ખાય છે. વિઠુ—વાછરડાનું બચ્ચું શું કરેછે ? ગોવિંદ—વાછરડું તેની મા નીચે તેનું માથું મુકેછે, તે પોતાને માટે થોડું દુધ મેળવવાને યત્ન કરેછે. વિઠુ—વાછરડાને કેટલુંક દુધ મળશે ? ગોવિંદ—હા દોહનાર માણસ તેનું વાસણ દુધથી ભરપુર દોહશે. ત્યારપછી તે વાછરડાને તેની મા પાસેથી કેટલુંક દુધ પીવા દેશે. વિઠુ—ગાય શું ખાય છે અને પીવે છે ? ગોવિંદ—તેણી ઘાસ ચળામણ દાળના છોડાં અને

સુકું ઘાસ ખાય છે. તેણી ઠંડુ ચોખ્ખું પાણી પીવે છે. વિઠુ—દોહનાર માણસે શા માટે તેના પાછલા પગ જોડા જોડ બાંધ્યા ? ગોવિંદ—તેણે તેણીને લાત મારતાં અટકાવવાને સાથે બાંધ્યા ? જો તે લાત મારે, તો તે દુધનું વાસણ ઉંધુ વાળી દે અથવા તો દોહનાર માણસને ઈજા કરે. વિઠુ—ગાય કેટલું દુધ આપેછે ? ગોવિંદ—આ ગાય દરરોજ ચાર શેર દુધ આપેછે. સવારે તેણી બ શેર આપેછે અને સાજે તેણી બ શેર ફરીથી આપેછે. તમે ગાયના માથા ઉપર બે શીંગડાં જુઓછો, તમે નથી જોતા ? તેઓ ગાયને કંઇ ઉપયોગના છે ! વિઠુ—હું શીંગડા જોઇ શકું છું. તેઓ શા ઉપયોગનાં છે ? ગોવિંદ—ગાય તેમનાથી લડી શકે. કોઇ તેણીને અથવા તેણીના વાછરડાને ઈજા કરવાને યત્ન કરે. ત્યારપછી તેણી તેણીના શીંગડાથી લડશે, તેણીને ટૂંકા પગછે, અને ઘણી ઉતાવળથી દોડી શકતી નથી. પણ તેણી પોતાની જાતને અને પોતાના નાના વાછરડાને તેના શીંગડાથી સહી સલામત રાખી શકશે.

આ વાસણ મોટું છે, પેલાં વાસણ નના છે. આ ચોપડી મે મારી છે, પેલી ચોપડીઓ તમારી છે. દુધ સુંદર, સફેદ અને મીઠું છે દરેક જણ દુધ પીવાને ઇચ્છા કરેછે. આપણે નાની ગાયને વાછરડું કહીએ છીએ. ગાય તેણીના વાછરડાની સંભાળ લેછે.

---

8. THE HORSE.

Horse (હૉર્સ્) ઘોડો.
Hair (હૅર્) વાળ.
Strong (સ્ટ્રૉંગ્) મજબુત; જોરાવર.
Carry (કૅરી) લઈ જવું.
Back (બૅક્) પીઠ.
Long (લૉંગ્) લાંબી.
Neck (નેક્) ગરદન.
Hear (હીઅર્) સાંભળવું.
Tall (ટૉલ્) ઉંચો.
Ride (રાઇડ્) સ્વારી કરવી.
Afraid (અફ્રેડ્) બીધેલો.

Hold (હોલ્ડ્) પકડવું.
Tight (ટાઈટ્) મજબુત.
Is walking (ઇઝ વૉકિંગ્) ચાલેછે.
Black (બ્લૅક્) કાળો.
Knows (નોઝ્) ઓળખેછે.
Rider (રાઈડર્) સ્વારી કરનાર.
Get up (ગેટ્ અપ્) ઉઠો
Hold (હોલ્ડ્) પકડવું.

PHRASES.

Do not let him run—તેને દોડવા દેતા નહી. Get on his back—તેની પીઠઉપર ચડી બેસ. Do not be afraid—બીતા નહી.

પાઠ ૮ મો. ઘોડો.

માણસ—અહીંઆ મારો ઘોડો છે. તેના તરફ જુઓ. તેને લાંબા પગ અને વાળની લાંબી પૂંછડી છે. તે ઘણો મજબુત છે. તે ઘણી ઉતાવળથી દોડી શકે તે તેની પીઠઉપર માણસને ઘણો દુર લઇ જઇ શકે તેને લાંબી ગરદન, નાનું માથું અને નાના કાન હોય છે, અને તે ઘણી સારી રીતે સાંભળી શકેછે તે ગાયના જેવો નાનો નથી તે ઉંચો છે છોકરો—તમારા ઘોડ ઉપર હું સ્વારી કરૂં ? માણસ—હા તેની પીઠ ઉપર ચઢી બેસ અને મજા લો. હુ તમને ઉપર પકડું છું. બીતા નહી છોકરો—મહેરબાની કરીને મને મજબુત પકડો. તેને ઉતાવળથી દોડવા દેતા નહી. હું પડી જાઉં. કેટલી ઉતાવળથી તે દોડેછે.

આ સુંદર કાળો ઘોડો છે. ઘોડો ઘણી ઉતાવળથી દોડી શકે. ઘોડો તેના ઉપર સ્વાર થનારને ઓળખેછે. ઉભા થાઓ. મજબુત પકડો. ઉતાવળથી દોડો.

---

9. THE CHAIR.

Chair (ચૅર્) ખુરશી.
Whose (હુઝ્) કોની.
Wet (વેટ્) ભેજવાળી.
Cane (કેઇન્) નેતર.

Thin (થિન્) પાતળા.
Thick (થિક્) જાડા.
Bits (બિટ્સ્) કકડા.
Seat (સીટ્) બેઠક.
Pain (પેઇન્) દરદ.
Cost (કૉસ્ટ્) કીમ્મત બેસવી
Rupees (રૂપીઝ્) રૂપીઆ
Good (ગૂડ્) સારી.
Wooden (વુડન્) લાકડાની
Wood (વૂડ્) લાકડું.
Arms (આર્મ્સ્) હાથ.

PHRASES.

Got wet—ભીંજાઈ ગયો. What will cost ?—તેની શું કિમ્મત બેસશે ?

પાઠ ૯ મો. ખુરશી.

રામા—આ સુંદર ખુરશી નથી ? તે કોની છે ? ગોવિંદ—આ મારી ખુરશી છે. હું તેના ઉપર બેસું છું. કેટલાક માણસો જમીન ઉપર બેસે છે. જમીન ભીની હોય. જો હું ખુરશી ઉપર બેસું તો હું ભીંજાતો નથી. રામા—આ કઈ જાતની ખુરશી છે ? ગોવિંદ—તે નેતરની ખુરશી છે. પીઠ નેતરના પાતળ કકડા છે. બેઠક નેતરની છે. તે ગરમ લાગેછે. રામા—મારી પીઠમાં દરદ થાય છે. હું ઘેર જમીન ઉપર બેઠો અને ભીંજાઈ ગયો. ગોવિંદ—મારી ખુરશી ઉપર બેસ. તમારે ઘેર ખુરશી છે ? રામા—ના, પણ હું એક ખરીદીશ તેની શી કીમ્મત બેસશે ? ગોવિંદ—સારી ખુરશી માટે તમારે બે રૂપીઆ અથવા તો ત્રણ રૂપીઆ કીમ્મત આપવી જોઇએ કેટલીક ખુરશીઓ લાકડાની છે. લાકડું સખત લાગેછે, પણ તે નેતર કરતાં વધારે મજબુત હોય છે. ખુરશીઓને પીઠો, બેઠકો અને પાયા હોય છે. કેટલીક ખુરશીઓને હાથા પણ હોય છે.

10. I WILL.

Obay (ઓબે) તાબે થવું.
Sister (સિસ્ટર્) બેન.
Brother (બ્રધર્) ભાઈ.
Kind (કાઇન્ડ્) માયાળુ.
Softly (સૉફ્ટલી) નરમાશથી.
Gently (જેન્ટ્લી) વિવેકથી.
Pray (પ્રે) પ્રાર્થના કરવી.
God (ગૉડ્) પરમેશ્વર.
Steal (સ્ટીલ્) ચોરવું.
Bad (બૅડ્) ખરાબ.
Words (વર્ડ્સ્) શબ્દો.
True (ટ્રુ) સાચા.

PHRASES.

I will not tell a lie—હું જુઠું બોલીશ નહી.

પાઠ ૧૦ મો " I WILL.

હું મારી માને અને મારા બાપને તાબે થઇશ. હું બાપાને, માને, ભાઇને અને બેનને ચાહું છું. હુ દરેક જોડે ઘેર માયાળુ થઈશ હું દરેક જણ જોડે નરમાશથી અને વિવેકથી બોલીશ હું દરરોજ ઇશ્વરની પ્રાર્થના કરીશ. મારી સંભાળ લેવાને હું ઇશ્વરને પુછીશ.

" I WILL NOT. "

હું જુઠું બોલીશ નહી. હું ચોરી કરીશ નહી. હું ખરાબ શબ્દો વાપરીશ નહી. ખરૂં કરવાને યત્ન કરો, સાચા થવાને કોશીષ કરો. જો તમે દરેક જણને ચાહતા હો તો દરેક જણ તમને ચાહશે.

---

11. THE BULLOCK CART.

Bullock (બુલૉક્) બળદ.
Cart (કાર્ટ) ગાડું.
Inside (ઇન્સાઇડ્) અંદરની બાજુ.
Cartman (કાર્ટ્મૅન્) ગાડીત.
Turban (ટર્બન્) પાઘડી.

Drives (ડ્રાઇવ્ઝ્) હાંકેછે.
Makes go (મેઇક્સ્ ગો) ચલાવેછે.
Along (ઍલાગ્) અગાડી.
Wheels (ઉવ્હીલ્ઝ્) પૈડાં.
Side (સાઇડ્) બાજુ.
Still (સ્ટિલ્) હજુ સુધી.
Lives (લિવ્ઝ્) રહેછે.
Wanted (વૉન્ટેડ્) ઇચ્છયું.
To bring (ટુ બ્રિંગ્) લાવવાને.
Is waiting (ઇઝ્ વેઇટિંગ્) રાહ જુવેછે.
Outside (આઉટ્ સાઈડ્) બહારની બાજુ.
Top (ટૉપ્) મથાળું.
Mats (મૅટ્સ્) ચટાઈઓ.
Bent (બેન્ટ્) નમાવ્યું.
Ropes (રોપ્સ્) દોરડાં.
Sun (સન્) સુરજ.
Rain (રેઇન્) વરસાદ.
Through (થ્રુ) માંથઇને.
End (એન્ડ્) છેડો.
Stops (સ્ટૉપ્સ્ ,ઉભો રહેછે.
Whip (ઉવ્હિપ્) ચાબુક, ચાબુક મારવી.
Taller (ટૉલર્)વધારે ઉંચા.
Hoof (હૂફ્) ખરી.
Piece (પીસ્) કકડો.

PHRASES.

Keeps off the sun and the rain—તડકાને અને વરસાદને દુર રાખે છે. What makes the cart go ?—ગાડીને કોણ ચલાવેછે ? He has on—તેણે પહેરી છે.

પાઠ ૧૧ મો. બળદની ગાડી.

છોકરો—પેલા માણસને ગાડીમાં બેસતા જુઓછો ? ભાઈ—હા, હું તેને ગાડામાં જોઉંછું, તે કોણ છે ? તે ત્યાં શું કરેછે ? છોકરો—તે ગાડીત છે. તેણે તેના માથા ઉપર પાઘડી પહેરીછે. આ ગાડું તેનું છે. તે બળદગાડું છે. તે બળદને હાંકે છે. ભાઈ—ગાડાને કોણ ચલાવેછે ? છોકરો—બળદ ગાડાને આગળ ખેંચેછે. ગાડાને બે મોટાં ગોળ પૈડાં હોય છે. ત્યારપછી ગાડું રસ્તે દોડેછે. હવે તે શેરીમાં સ્થિર ઉભું છે. ભાઈ—અહી આં

કેમ તે સ્થિર ઉભું છે ? છોકરો—કોઇક ઘણે દુર રહે છે. તેને આ ઘરમાં મીત્ર છે. તે તેને મળવાને અને વાત કરવાને માગતો હતો. તેણે તેને અહીંઆં લાવવાને ગાડાવાળાને ચાર આના આપ્યા. તે હવે તેના ભાઇબંધ જોડે વાત કરતો ઘરમાં છે. હમણાંજ તે બહાર આવશે અને આ ગાડામાં ઘેર જશે ગાડીત તેને વાસ્તે બહારની બાજુએ રાહ જુએછે. ભાઈ—ગાડાને કેવું સુંદર મથાળું છે ? છોકરો—હા, ગાડીતે પોતે તે મથાળું બનાવ્યું તેણે નેતરવાળ્યા અને તેના ઉપર ચપાટો મુકી તેણે પાતળા દોરડાંથી નેતરો ઉપર ચપાટો બાંધી. તમે નેતરો જોઈ શકતં નથી. તેઓ અંદરની બાજુએ છે. તમે ચપાટો ઉપર બહારની બાજુએ દોરડાં જોઈ શકશો. ભાઇ—ગાડાને મથાળું શા કામનુ. છે ? છોકરો—ગાડાનું મથાળું તડકાને અને વરસાદને દુર રાખેછે. તડકો અને વરસાદ અંદરની બાજુએ પ્રવેશ કરી શકતા નથી ગાડાની અંદરની બાજુએ ઠંડુ અને સુકુ છે. ભાઈ—કેવી રીતે ગાડીત બળદને હંકેછે ? છોકરો—તેણે બળદના નાકમા થઈને એક દોરી પરોવીછે. તેણે તેને દોરડું બાંધ્યું છે. ને દોરડાનો એક છેડો પકડેછે. જ્યારે તે દોરડું પકડેછે ત્યારે બળદ ઉભો રહે છે. તેની પાસે તેના હાથમાં ચાબુક છે. જો બળદ ચાલે નહી તો તેને ચાબુક મારે છે. ત્યારપછી તે આગળ દોડેછે. બળદને ટુંકા પગ હોય છે. ઘોડાની ખરી એક કકડે હોય છે. બળદની ખરી બે કકડે હોય છે.

---

12. TRY TO GET IT.

A LITTLE BOY AND HIS MOTHER.

Bird (બર્ડ્) પક્ષી.	Play (પ્લે) રમવું.
Fly (ફ્લાય્) ઉડવુ	May(મે) આશાર્થની નિશાની.
Toy (ટૉય્) રમકડું.	Reach (રીચ્) પહોંચવું.

High (હાઇ) ઉંચે.
So (સો) એટલે બધે.
Toes (ટોઝ્) ટેરવાં.
Down (ડાઉન્) નીચે.
A little (એ લિટલ્) થોડું.
Dear (ડીઅર્) વહાલી.

PHRASES.

Let it down a little—થોડુંક નીચે ઉતરવાદો. I will not let it go —હું તેને જવા દઇશ નહી.

પાઠ ૧૨ મો. તે મેળવવાને કોશીષ કરો.

એક નાનો છોકરો અને તેની મા.

છોકરો—તમે શું પકડોછો ? મા—આ એક નાનું પક્ષી છે. છોકરો—તે ઉડી શકે ? મા—તે લાકડાનું પક્ષી છે. તે ઉડી શકતું નથી. તે રમકડું છે. તમે તેની સાથે રમો. છોકરો—મહેરબાની કરીને તે મને આપી દો. મા—તમારો હાથ ઉંચો કરો અને તે લો છોકરો—હું એટલે બધે ઉંચે પહોંચી શકતો નથી. મા—તમારાં ટેરવાં ઉપર ઉભા રહો અને યત્ન કરો. છોકરો—તેને થોડુંક નીચે ઉતરવાદો. હવે તે મારી પાસે છે. મારી પાસે તે મારા હાથમાં છે. હું તેને જવા દઇશ નહી. હવે, આ પક્ષી મારૂં છે ? મા—હા, હું તને તે આપું છું. હવે તે તારૂં છે. છોકરો—વહાલી માતા, તમારો આભાર માનું છું. માતા તેના નાના છોકરાને ચાહેછે.

---

13. THE COCK.

Cock (કૉક્) મરઘો.
Straight (સ્ટ્રેઈટ્) સીધું.
Feathers (ફેધર્સ) પીછાં.
Red (રેડ્) રાતાં.
Yellow (યલો) પીળી.
Comb (કોમ્) કલગી.
Wife (વાઇફ્) સ્ત્રી.
Children (ચિલ્ડ્રન્) છોકરાં
Hen (હેન્) મરઘી.
Lays (લેઝ્) મુકેછે.

Eggs (એગ્ઝ્) ઈંડાં.
Warm (વાંર્મ્) ગરમ.
Crack (ક્રૅક્) તુટેછે.
Chickens (ચિકન્ઝ્) મરઘીનાં બચ્ચાં.
Food (ફુડ્) ખોરાક.
Feeds (ફીડ્ઝ્) ખવડાવેછે
Their (ધેર્) તેઓની.
Gets up (ગેટ્સ અપ્)ઉઠેછે.
Early (અર્લી) વહેલાં.
Wakes up (વેઈક્સ્ અપ્) જાગેછે.
Just (જસ્ટ્) હમણાંજ.
Before (બીફોર્) પહેલાં
Daylight (ડેલાઈટ્) દીવસનું અજવાળું.
To crow (ટુ ક્રો) કુકરે કુક કરવું.
Begins (બીગિન્ઝ્) શરૂ કરેછે.
Rise (રાઈઝ્) ઉઠવું.
Light (લાઈટ્) અજવાળું.
Sunrise (સન્‌રાઈઝ્) સુર્યોદય
Koo-koo-roo-koo (કૂ-કૂ-રૂ-કૂ) કુકરેકુકકુકરેકુક.
Morn (મૉર્ન્) સવાર.
Ki-ki-ri-kee (કિ-કિ-રિ-કી) કિકિરિકિ.
East (ઇસ્ટ્) પૂર્વ દિશા.
Is born (ઈઝ્ બૉર્ન્)ઉત્પન્ન થયું છે.
Singing (સિંગિંગ્)ગાવાનુ
Day (ડે) દીવસ.
Fresh (ફ્રેશ્) તાજું.
Is bringing (ઈઝ્ બ્રિંગિંગ્) લાવેછે.
Bright (બ્રાઈટ્) પ્રકાશીત.
Evening (ઈવનિંગ્)સાંજ
Arise (ઍરાઈઝ્) ઉગેછે.
Dark (ડાર્ક્) અંધારી
Night (નાઈટ્) રાત્રી.
Moon (મૂન્) ચંદ્રમા.
Dies (ડાઈઝ) નાશ પામેછે

PHRASES.

Just before daylight—દીવસનું અજવાળું થાય તે પહેલાં તરતજ.

પાઠ ૧૩ મો. મરઘો

મરઘો એક સુંદર પક્ષી છે ! કેવું સીધું તે ઉભું રહેછે, તેની પુંછડી તરફ જુઓ ! તેમાં કેવાં સુંદર લાંબા પીછાં હોય છે !

તેઓ સફેદ, કાળાં, રાતાં અને પીળાં હોય છે. તેના માથાઉપર સુંદર રાતી કલગી હોય છે. મરઘાને સ્ત્રી અને છોકરાં હોય છે. મરઘી એ સ્ત્રી છે તેણી ઈંડાં મુકેછે અને તેમને ગરમ રાખવાને તેમના ઉપર બેસેછે. ત્યારપછી ઈંડાં તુટેછે અને બચ્ચા બહાર આવેછે. ચીત્રમાં તમે મરઘી અને તેણીની ચોગરદમ ગોળ તેણીનાં બચ્ચાં જુઓછો. તેણી શું કરેછે? તમે મને કહી શકશો? તેણી જમીન ઉપરથી તેના બચ્ચા માટે ખોરાક ઉંચકી લેછે. તેણી તેમને ખવરાવેછે. તેણી તેઓની મા છે તેઓ, વળી, કેટલીક ખોરાક ઉચકી લેવાને યત્ન કરેછે. તેઓ તેઓની માની પેઠે ખોરાક ઉચકી લેછે. મરઘો સવારમા ઘણો વહેલો ઉઠેછે. તે દીવસનું અજવાળું થાય તે પહેલા તરતજ જાગેછે અને કુકરે કુક, કુકરે કુક કરવા માડેછે. તે શું કહેછે? મને કહો. તે કહેછે, "ઉઠો, ઉઠો! તમારી આંખો ઉઘાડો અને ઉઠો. અજવાળું આવેછે! દીવસ આવેછ! બારણું ઉઘાડો ઉઠો! સુર્યોદય પહેલા ઉઠો!"

સવાર પહેલાં કુ કુ રે કુ કુ કુ રે કુ મરઘો બોલેછે, કિકિ-રીકી! કિકિરીકી! હવે પૂર્વમાં અજવાળું થયુ છે. કુકુરેકુ! કુકુરેકુ! પક્ષીઓ તેઓનું ગાવાનું વહેલું શરૂ કરેછે, કિકિ-રીકી! કિકિરિકી! દીવસ, દીવસ, તાજુ અજવાળું લાવેછે. દર સવારે રાતો સુર્ય ગરમ અને પ્રકાશીત ઉગેછે. પણ સાજ તરતજ આવેછે, અને કાળી ઊંડી રાત્રી પડેછે, ત્યારપછી ચંદ્રમા અને તારાઓ ઉગેછે; તેઓ જ્યારે દીવસનું અજવાળું નાશ પામેછે ત્યારે અજવાળું આપેછે

---

14. THE MOTHER AND HER SON.

Son (સન્) પુત્ર.
Young (યંગ્) નાનો.

Is carrying (ઈઝ્ કૅરિંગ) લઈ જાય છે.

Cap (કૅપ્) ટોપી
Bazar (બઝાર્) ચૌટું.
Rice (રાઇસ્) ચોખા.
Baby brother (બેબી બ્રધર્) બાળક ભાઈ.
Father (ફાધર્) બાપા.
Has left (હૅઝ્ લેફ્ટ્) મુક્યું છે.
Taught (ટૉટ્) શીખવ્યું.
To help (ટુ હેલ્પ્) મદદ કરવાને.

PHRASES.

She has put bangles—તેણીએ બંગડીઓ પહેરાવીછે.
She has left him a toy—તેણીએ તેને વાસ્તે એક રમકડું મુક્યું છે ।

પાઠ ૧૪ મો. મા અને તેનો છોકરો.

કેસુ—આ નાનો છોકરો દુર ચાલી શકતો નથી ? ગાંડુ—શ માટે તે દુર ચાલી શકતો નથી ? કેસુ—તે ઘણો નાનો છે તેથી તેની મા તેને લઈ જાય છે કેવો મજબુત તે તેના ડાબા હાથથી તેણીને પકડેછે ! ગાંડુ—તે તેના જમણા હાથથી શું કરેછે ? કેસુ—તમે તેનો જમણો હાથ જોઈ શકતા નથી તે તેની માની પીઠની આસપાસ છે મા તેણીના નાના છોકરાને ચાહેછે. તેણીએ તેને હાથે બંગડીઓ, તેને પગે છડા, અને તેના માથા ઉપર નાની ટોપી પહેરાવી છે. ગાંડુ—તેણી ક્યાં જાય છે, અને તેણી તેણીની જમણી બાજુએ શું લઈ જાય છે ? કેસુ—કેટલાક ચોખા ખરીદવાને તેણી બજારમાં જાય છે. ગાંડુ—બજારમાં તેણી કેવી રીતે ચોખાને ઘેર લાવશે ? કેસુ—ચોખા ભરવાને તેણી ટોપલી લઈ જાય છે. આ નાના છોકરાને ઘેર બાળક ભાઈ છે. તે ઘણો નાનો છે. તેથી કરીને તેની માએ તેને ઘેર મુક્યો. ગાંડુ—જ્યારે તેની મા ઘેર હોય નહી ત્યારે તે બાળકની કોણ સંભાળ લેછે ? કેસુ—જ્યારે તેની મા બજારમા જાય છે ત્યારે તેનો બાપ તેની સંભાળ લેછે. તેણીએ તેને વાસ્તે રમકડું મુક્યું છે. તે તેનાથી રમશે.

મને કોણ ઘણું વધારે ચાહેછે ? મારી મા. કોણે મને પીવાને દુધ આપ્યું ? મારી માએ. ચાલવાનું અને વાત કરવાનું મને કોણે શીખવ્યું ? મારી માએ. મને મદદ કરવાને કોણ દોડેછે ? મારી મા. મારે મારી માને ચાહવી જોઇએ અને સંભાળ લેવી જોઇએ.

---

15. TAE MILL.

Mill (મિલ્) ઘંટી.
Narayan (નારાયણ) છોકરાનું નામ છે.
Govind (ગોવિંદ્) છોકરાનું નામ છે.
Are grinding (આર્ ગ્રાઇન્ડિંગ્) દળે છે.
Stones (સ્ટોન્સ્) પત્થરો.
Heavy (હેવી) ભારે.
Lower (લોઅર્) નીચેનો.
Move (મુવ્) હાલવું.
Upper (અપર્) ઉપરનો.
Are pushing (આર્ પુશિંગ) ધકેલેછે.
Hole (હોલે) કાણું.
Fills (ફિલ્સ્) ભરેછે.
Betweeu (બીટવીન્) વચ્ચે.
Powder (પાઉડર્ લોટ.
Flour (ફ્લાઉર્) લોટ.
Cakes (કેઇક્સ્) પુરીઓ.
Often (ઑાફન્) વારંવાર.
Quite (ક્વાઇટ્) તદ્દન.
Hot (હૉટ્) ગરમ.

PHRASES.

I do—મને ગમેછે. When they get cold—જ્યારે તેઓ ઠંડી પડી જાય છે ત્યારે.

પાઠ ૧૫ મો. ઘંટી.

નારાયણ—આ ચીત્રમાં તમે શું જુઓછો ? ગોવિંદ—જમીન ઉપર એક માણસને અને બે સ્ત્રીઓને ચટાઇ ઉપર બેસતી જોઉં છું. નારાયણ—તેઓ શું કરે છે ? ગોવિંદ—હું જાણતો નથી.

મને મહેરબાની કરીને કહો. નારાયણ—તેઓ ઘંટીમાં ચોખા દળેછે. ગોવિંદ—ઘંટી શું છે? નારાયણ—ઘંટીમાં બે પત્થરો હોય છે. તેઓ મોટા, ગોળ અને ઘણા ભારે હોય છે. નીચલો પત્થર ફરતો નથી. ઉપલા પત્થરને હાથો હોય છે. તે ગોળ અને ગોળ જઇ શકે. હાથો લાકડાનો છે. માણસ અને બે સ્ત્રીઓ હાથાને પકડેછે અને ઉપલા પત્થરને ગોળ અને ગોળ ધકેલેછે. હાથાની નજદીક ઉપલા પત્થરમા કાણું છે. ગોવિંદ—આ કાણું શા માટે હોય છે? નારાયણ—બૈરીઓમાંની એક તેને ચોખાથી ભરેછે. ચોખા અંદર થઇને પડેછે અને બે પત્થરોની વચ્ચો વચ્ચ પડેછે. પત્થરો તેનો તરતજ ભુકો કરેછે. બૈરીઓમાંની એક તેના જમણા હાથથી તે કાણામાં કેટલાક ચોખા નાખેછે. તમે તેને જોઇ શકો છો? ગોવિંદ—હા, હું તેણીને જોઈ શકું છું. જમીન ઉપર બે કંડીઆ છે. તેઓ ચોખાથી ભરેલા છે. તેઓ આ બધા ચોખાનો ભુકો કરશે? નારાયણ—હા. ટોપલીઓમાના બધા ચોખાનો તેઓ ભુકો કરશે. આપણે આ ભુકાને લોટ કહીએ છીએ. નીચલા પત્થરની નજીક ચટાઈ ઉપર તમે સફેદ આટો જોઈ શકશો. સ્ત્રીઓ આ લોટમાંથી ચોખાની પુરીઓ બનાવેછે. તમને ચોખાની પુરીઓ ગમેછે? ગોવિંદ—મને ગમેછે. તેઓ ઘણી મજેની હોય છે અમે વારંવાર તેમને ઘેર ખાઇએ છીએ, પણ જ્યારે તેઓ ઠંડી પડી જાય છે ત્યારે મજેની હોતી નથી. જ્યારે તેઓ તદન ગરમ હોય છે ત્યારે મને તે ખાવાની ગમેછે.

ગરમ ચોખાની પુરીઓ ઘણી સુંદર હોય છે. હું ઠંડી ચોખાની પુરીઓ પસંદ કરતો નથી.

---

16. SOME NUMBERS.

Numbers (નમ્બર્સ) સંખ્યાઓ.

Stool (સ્ટૂલ) સ્ટુલ.

Fruits (ફ્રુટસ્) ફળો.

3

Plate (પ્લેઇટ્) રકાબી
Count (કાઉન્ટ્) ગણવું.
Fingers (ફિન્ગર્સ) આંગળીઓ
Bee (બી) મધમાખી.
How many (હાઉમૅની) કેટલાક
Has (હૅઝ્) નીપાસેછે.
Three (થ્રી) ત્રણ.
Four (ફોર્) ચાર.
Five (ફાઇવ્) પાંચ
Six (સિક્સ્) છ.
Books (બૂક્સ્) ચોપડીઓ.
Seven (સેવન્) સાત.
Spider (સ્પાઈડર્) કરોળીઓ.
Eight (એઇટ્) આઠ.
Pins (પિન્સ્) ટાંચણીઓ.
Nine (નાઇન્) નવ.
Both (બોથ્) બન્ને.

પાઠ ૧૬ મો. કેટલીક સંખ્યાઓ.

ગોવિંદ—ચાલો આપણે કેટલીક સંખ્યાઓ શીખીએ તમારે કેટલા હાથ છે ? ગોપાળ—મારે બે હાથ છે, એક જમણો હાથ અને એક ડાબો હાથ. ગોવિંદ—ચીત્રમા સ્ટૂલને કેટલા પાયા છે ? ગોપાળ—સ્ટૂલને ત્રણ પાયા હોય છે એક, બે, ત્રણ. ગોવિંદ—ચીત્રમાં રકાબી ઉપર કેટલાં ફળ છે ? તે ગણો અને કહો. ગોપાળ--એક, બે, ત્રણ, ચાર. હું ચાર ગણી શકું છું. ગોવિંદ—દરેક હાથ ઉપર તમારે કેટલી આંગળીઓ છે ? ગોપાળ—દરેક હાથઉપર મારે પાંચ આંગળીઓ છે. ગોવિંદ—મધમાખી તરફ જુઓ. તેને કેટલા પગ છે ? ગોપાળ—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ પગ. ગોવિંદ—ચિત્રમાની ચોપડીઓ હવે ગણો. ગોપાળ—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત ચોપડીઓ. કરોળીઆને કેટલા પગ હોય છે ? હું કરોળીઆના આઠ પગ ગણી શકું છું. ગોવિંદ—ચિત્રમાં કેટલીક લાકડાની ટાંચણીઓ છે. કેટલી ત્યાં છે ? ગોપાળ—એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ ટાંકણીઓ નવ ટાંકણીઓ. તમે તેમની સાથે રમો. ગોવિંદ—તમારા બન્ને હાથમાં કેટલી આંગળીઓ છે ? મને કહો. તમારા હાથ ઉંચા કરો અને જુઓ.

ગોપાલ—મારા જમણા હાથે પાંચ આંગળીઓ અને મારા ડાબા હાથે પાચ આંગળીઓ છે બન્ને હાથે દશ આંગળીઓ છે. કરોળીઆને આઠ પગ હોય છે. મધમાખીઓને છ પગ હોય છે

---

17. SISTERS.

Sisters (સિસ્ટર્સ્) બેનો.
Seeta (સીતા) છોકરીનું નામ છે.
Years (યીઅર્સ્) વરસો.
Dark (ડાર્ક) કાળા.
Hair (હૅર્) વાળ
Never (નેવર્) કદી નહી.
Idle (આઇડલ્) આળસુ.
Likes (લાઇક્સ્) પસંદ કરેછે.
Busy (બીઝી) ઉદ્યોગી.
To help (ટુ હેલ્પ્) મદદ કરવાને.
Got up (ગૉટ્ અપ) ઉઠી
Swept out (સ્વેપ્ટ્ આઉટ્) વાળી ઝુડીને સાફ કર્યું.
Woke (વોક્) જગાડી
Elder (એલ્ડર્) વધારે મોટી.
Well (વેલ્) કુવો
Water (વૉટર્) પાણી.
Went (વેન્ટ) ગયા
Full of (ફુલ્ આફ્) પુરું
Head (હેડ્) માથું.
Arm (આર્મ્) હાથ
Other (અધર્) બીજા.
Was drawing (વાઝ્ ડ્રૉઇંગ્) ખેંચેછે,
Was picking (વાઝ પિકિંગ્) ઉચકી લે
Leaves (લીવ્ઝ
Sticks (સ્ટિક્સ) સાંઠા લાકડીઓ
To clean (ટુ ક્લીન્) સાફ કરવાને
Cooking (કુકિંગ્) રાંધવામાં.
Boil (બૉઇલ્) ઉકાળવું.
Any thing (ઍની થિંગ્) કોઈપણ ચીજ.
Running (રનિંગ્) દોડતી.
Most (મોસ્ટ્) સૌથીવધારે.
Useful (યુઝ્ફુલ્) ઉપયોગી

Tired (ટાયર્ડ્) થાકી ગએલી.
Bigger (બિગર્) વધારે મોટી.
Biggest (બિગેસ્ટ્) સૌથી મોટી.
Small (સ્મૉલ્) નાનું.
Smaller (સ્મૉલર્) વધારે નાનું.
Smallest (સ્મૉલેસ્ટ્) સૌથી નાનું.
Better (બેટર્) વધારે સારૂં.
Best (બેસ્ટ્) સૌથી સારૂં, ઉત્તમ.
Old (ઓલ્ડ્) ઘરડો; મોટો.

PHRASES.

Ten years old—દશ વર્ષની ઉમ્મરની. It is time to get up—ઉઠવાનો વખત થયો છે. When they get back—જ્યારે તેઓ પાછાં આવશે ત્યારે.

પાઠ ૧૯ મો. બેનો.

સીતા દશ વર્ષની કાળા વાળ વાળી નાની છોકરી છે. તેણી કદી આળસુ નથી. તેણી ઉદ્યોગી થવાને અને તેની માને મદદ કરવાને ચાહેછે. જ્યારે અજવાળું થયું ત્યારે આ સવારે તેણી ઘણી વહેલી ઉઠી તેણીએ ઘરને વાળી ઝુડીને સાફ કર્યું. ત્યારપછી તેણીએ તેની મોટી બેનને જગાડી. તેણીએ કહ્યું, ‘ જાગ, બેન, ઉઠવાનો વખત થાય છે. ચાલો આપણે જઇએ અને કુ-વામાંથી પાણી કાઢીએ. ” ત્યારપછી તેની બેન ઉઠી અને તેઓ બન્ને કુવે ગઈ. હવે તેઓ પાછી આવેછે. મોટી બેન પાણી લઇ જાય છે. પાણીથી ભરેલું એક વાસણ તેણીના માથા ઉપર છે. તેણીના હાથ બીજા વાસણની આસપાસ છે. સીતાએ તેણીની સાથે ટોપલી લીધી. જ્યારે તેણીની બેન પાણી કાઢતી હતી ત્યારે તેણી ઘેર બળતણને વાસ્તે પાંદડા અને લાકડીઓ વીણતી હતી. તેણીની ટોપલી પાંદડાંથી ભરપુર છે. જ્યારે તેઓ પાછા જશે ત્યારે સીતા રાંધવાનાં વાસણો સાફ કરવામાં તેની માને મદદ

કરશે. ત્યારપછી તેઓ ખાવાને તેના બાપ અને ભાઈઓ માટે ચોખા ઉકાળશે. જો તેના ભાઇને કંઈ જોઇએ છીએ તો તેણી સીતાને બોલાવેછે. તેણી દોડની આવેછે અને તેમને મદદ કરેછે. તેણી ઘરમાં સૌથી વધારે ઉપયોગી છોકરી છે. તેણી બીજા-ઓને મદદ કરવામાં કદી થાકી જતી નથી. (૧) આ ચોપડી મોટી છે. (૨) પેલી ચોપડી આના કરતાં વધારે મોટી છે. (૩) મારી ચોપડી ત્રણમાં સૌથી મોટી છે. ૧ પેલું પક્ષી નાનું છે. ૨ આ પક્ષી વધારે નાનું છે. ૩ રાતું પક્ષી ત્રણમાં સૌથી વધારે નાનું છે. ૧ આ સારૂં છે. પેલું વધારે સારૂં છે. આ સૌથી સારૂં છે. હું ઘણો મોટો નથી, હું ઘણો ઘરડો નથી પણ હું મારી મા અને બેનોને મદદ કરીશ.

---

18. THE DOG.

Dog (ડૉગ્) કુતરો.

At night (ઍટ્ નાઇટ્) રાત્રે.

Lock (લૉક્) તાળું વાસવું.

Door (ડૉર્) બારણું.

House (હાઉસ્) ઘર.

Afraid of (અફ્રેડ્ ઑફ્) થી બીનેલા.

Thieves (થિવ્ઝ્) ચોરો.

Dark (ડાર્ક) અંધારૂં.

Steal (સ્ટીલ્) ચોરવું.

Something (સમ્થિંગ્ કંઈક.

Friend (ફ્રેન્ડ્) મીત્ર.

Watches (વૉચીઝ્)તપાસ રાખેછે.

Long (લૉંગ્) લાંબી.

Sleeps (સ્લીપ્સ્) ઉંઘેછે.

Barks (બાર્ક્સ્) ભસેછે.

Hears (હીઅર્સ્)સાંભળેછે.

Bites (બાઇટ્સ્) કરડેછે.

Else (એલ્સ્) બીજું.

Mouth (માઉથ્) મોઢું.

PHRASES.

It gets dark—અંધારૂં થાય છે. Are you afraid of thieves—તમે ચોરથી બીવોછો ?

પાઠ ૧૮ મો. કુતરો.

જ્યારે અંધારૂં થાય છે ત્યારે હું મારા ઘરના બારણાને તાળું દઉંછું. તમે પણ તમારા બારણાને તાળું દોછો? ના, હું કદી મારા બારણાને તાળું દેતો નથી. તમે ચોરથી બીતા નથી? તેઓ અંધારામાં આવે અને કંઈક ચોરી જાય. અરે ના! મારે એક ભલો ભાઇબંધ છે. આખી લાંબી રાત્રી તે મારા ઘરની તપાસ રાખેછે. તે કદી ઉંઘતો નથી. ચોરો તેનાથી બીનેછે. તે મારો [illegible]નો કુતરો છે. તમે તેને ત્યાં ઉભેલો જુઓછો? જો તે ચોરને જુએછે તો તે ભસેછે. તે ચોરોને કરડેછે. તે મારા મીત્રોને કરડશે નહી. તમારો કુતરો બીજું કંઈ કરી શકે છે? હા, તે તેના મોઢામાં મારી લાકડી લઈ જઇ શકે.

---

19. THE BIRD AND ITS NEST.

Nest (નેસ્ટ્) માળો.
Garden (ગાર્ડન્) બાગ.
Tree (ટ્રી) ઝાડ.
High (હાઈ) ઉંચુ.
Low (લો) નીચું.
Fly (ફ્લાય્) ઉડવું.
Quite (ક્વાઈટ્) તદન.
Still (સ્ટિલ્) શાંત.
Close (ક્લોઝ્) નજદીક.
Began (બીગૅન્) શરૂ કર્યું.
Know (નો) જાણવું.
Wings (ઉવિંગ્ઝ્) પાંખો.
Air (ઍર્) હવા.
Jump (જમ્પ્) કુદવું.
Would (વુડ્) ઉવિલનો ભુતકાળ.
Like (લાઈક્) પેઠે.
Have shut (હેવ્ શટ્) બંધ કર્યું.
Branch (બ્રૅન્ચ્) ડાળી.
Nice (નાઇસ્) સુંદર.
Warm (ઉવૉર્મ્) ગરમ.
Built (બિલ્ટ્) બાંધ્યું.
Week (ઉવીક્)અઠવાડીઉં.
Ground (ગ્રાઉન્ડ્) જમીન.
Grass (ગ્રાસ્) ઘાસ.
Under (અન્ડર્) નીચે
Mine (માઇન્) મારો.

Inside (ઈન્ સાઈડ્) અંદર ની બાજુ.	Eggs (એગ્ઝ્) ઇંડાં.
Wool (ઉલ્) ઉન.	Laid (લેઇડ્) મુકયાં.
Put (પુટ્) મુકુંછું.	Count (કાઉન્ટ્) ગણવું.
Dry (ડ્રાઈ) સુકું.	Touch (ટચ્) અડકવું.
Blue (બ્લ્યુ) ભુરા રંગના.	A few (એ ફ્યુ) થોડા.
	Cold (કોલ્ડ્) ઠંડાં.

PHRASES.

Can you—તમે કરી શકો ? Hear it is—તે અ રહ્યો They will get cold—તેઓ ઠંડા થઈ જાય.

પાઠ ૪૯ મો. પક્ષી અને તેનો માળો.

આજ સવારે સીતા બાગમાં ગઈ તેણીએ ઝાડમાં ઉંચે જોયું. તે ઉંચું ઝાડ ન હતું. તે નીચું ઝાડ હતું. તેણીએ ત્યા એક નાનું પક્ષી જોયું. તે ઉડી ગયું નહી. તે તદન શાંત બેઠું. તેણી તેની નજદીક ગઈ. ત્યારપછી પક્ષીએ તેની જોડે વાત કરવા માંડી. તેણે કહ્યું " હું કોણ છું ? તમે જાણોછો ? હું શું કરૂં છું ? હું તમને કહીશ. હું એક નાનું પક્ષી છું. મારે બે પાંખો છે અને હું હવામાં ઉંચે ઉડી શકું. હું પડતું નથી. મારી પાંખો મને ઉંચે રાખેછે. હું ઝાડો ઝાડ ઉડી શકુછું. નાની છોડી, તમે તે કરી શકો નહી, તમે કરી શકો ? તમે ચાલી શકો, દોડી શકો અને તમે કુદી શકો. પણ તમે ઉડી શકતા નથી. મારી પેઠે ઉડવાને તમને ગમે ? હવે મેં મારી પાંખો બંધ કરીછે અને હું ઝાડની ડાળી ઉપર બેઠું છું. તમે સુંદર ઘરમાં રહોછો, તમે રહેતાં નથી ? મારે પણ સુંદર ગરમ ઘર છે. મેં તે એક અઠવાડીઆમાં બાંધ્યું. મારી નજદીક તે આ રહ્યું. હું તેને મારો માળો કહું છું. તે અહીંઆં ઉંચે તદન સહી સલામત છે. તે ઝાડમાંથી પડશે નહી. કેટલાંક પક્ષીઓ લાંબા ઘાસમાં જમીન ઉપર તેઓના માળા બાંધેછે. હું ઝાડમાં ઉંચે

પાંદડાં નીચે માળો બાંધુંછુ. તે આ રહ્યો. કેટલાંક પક્ષીઓ તેઓના માળાઓ પાંદડાંના બનાવેછે. પણ હું મારો નાની લાકડીઓનો બનાવું છું. અંદરની બાજુએ હું ઉન અને સુકું ઘાસ તેને ગરમ રાખવાને મુકું છું. મારા માળાની અંદરની બાજુએ કેટલાંક ભુખરાં ઈંડાં છે. મેં તેમને ત્યાં ગઇ કાલે મુક્યાં. તેમને ગણો. એક, બે, ત્રણ ચાર. મારા માળામાં ચાર નાનાં ભુખરાં ઈંડાં છે. તમે તેના તરફ જુઓ, પણ તમારે તેમને અડકવુ જોઇએ નહી. ચાર નાના પક્ષીઓ આ ઈંડાંમાંથી આવશે. થોડા દીવસોમાં જો તમે ફરીથી આવશો તો તમે તેમના તરફ જોજો. હવે ફરીથી મારે મારાં ઈંડાં ઉપર બેસવું જોઇએ. જો હુ તેમના ઉપર બેસું નહી તો તેઓ ઠંડાં થઈ જશે.

---

20. THE YOUNG BIRDS.

Young (યંગ્) નાનાં.
Afterwards (આફ્ટર્વર્ડ્ઝ્) પછીથી.
Good morning (ગૂડ્ મૉર્નિંગ્) સવારની સલામ
Glad (ગ્લૅડ્) ખુશી.
Children (ચિલ્ડ્રન્)છોકરાં.
Love (લવ્) ચાહવું.
Ago (ઍગો) ઉપર.
Showed (શોડ્) બતાવ્યાં.
Are opening (આર્ ઓપનિંગ્) ઉઘાડેછે.
Crying (ક્રાઈંગ્) રડતાં.
Hungry (હૅન્ગ્રી) ભુખ્યાં.
Food (ફૂડ્) ખોરાક.
Have brought (હેવ્ બ્રૉટ્) લાવ્યોછું.
Worm (વર્મ્) કીડો.
Beak (બીક્) ચાંચ.
Has gone (હૅઝ્ ગૉન્) ગયોછે.
Away (અવે) દુર.
Bigger (બિગર્) વધારે મોટાં.
Strong (સ્ટ્રૉંગ્) મજબુત.
Teach (ટીચ્) શીખવવું.
Month (મન્થ્ (મહીનો.
Babies (બેબીઝ્) બચ્ચાં.
Themselves (ધેમ્સેલ્વ્ઝ્) તેમની મેળે.

PHRASES.

Have you—Have you come ? તમે આવ્યાછો ? To get these children some more food—આ બચ્ચાંમાટે કેટલોક વધારે ખોરાક મેળવવાને. They will get for themselves—તેઓ તેમને પોતાને માટે મેળવશે.

BIRDIE.

Birdie (બર્ડી) નાનું પક્ષી.
At break of day (ઍટ્ બ્રેક્ ઑફ્ ડે) પ્હો ફાટતાં.
Rest (રેસ્ટ્) આરામ લે
A little longer (એ લિટલ્ લોંગર્) થોડો વધારે લાંબો વખત.
Till (ટિલ્) જ્યાં સુધી—ત્યાં સુધી.

પાઠ ૨૦ મો. નાનાં પક્ષીઓ.

પાંચ કે છ દીવસ પછી મીના ફરીથી બાગમાં ગઇ. ત્યાં તેણીએ પક્ષી જોયું. તેણે ફરીથી તેણીની જોડે વાત કરી. તેણે કહ્યું, સવારની સલામ ! તેજપ્રમાણે તમે ફરીથી મને મળવાને આવ્યા છો, આવ્યાં છો ને ? હુ તમને જોઇને ઘણું ખુશી છું. હવે મારા માળામાં ચાર નાનાં પક્ષીઓ છે. હું તેઓની મા છું અને તેઓ મારાં બચ્ચાં છે. હું તેમને ઘણુંજ ચાહું છું. તમે માળા પાસે જાઓ અને જો તમારી મરજી હોય તો તેમના તરફ જુઓ. બે દીવસ ઉપર તેઓ ભુખરા રંગનાં ઇંડાંમાંથી આવ્યાં. મારા માળામાં મેં તમને ઇંડાં બતાવ્યાં. હવે તેઓ તેઓનાં મોંઢાં ઉઘાડેછે. તમે તેમને જોઇ શકશો ? તેમને કેટલોક ખોરાક જોઇએ છીએ, તેઓ ઘણાં ભુખ્યાં છે. મેં તેમને માટે ખાવાને એક કીડો હમણાંજ આણ્યો છે. મારી ચાંચમાં તે આ રહ્યો. તેઓનો બાપ મારા જેવું બીજું નાનું પક્ષી છે. આ બચ્ચાંને માટે કેટલોક વધારે ખોરાક મેળવવાને તે ગયોછે. જો અમે તેમને બરાબર ખવરાવીશું તો તેઓ દરરોજ વધારે

મોટાને મોટાં થશે. તેમનેએક માસમાં જબ્બર પાંખો થશે. ત્યારપછી હું આમતેમ ઉડવાને તેમને શીખવીશ તેઓ તેમને માટે ખોરાક મેળવશે. હમણા તેઓ બચ્ચાં છે. તેમની માએ અને બાપાએ તેમને ખવરાવવુ જોઈએ.

નાનુ પક્ષી.

નાનું પક્ષી તેણીના માળામા ત્હો ફાટતાં શું કહેછે ? નાનું પક્ષી કહેછે, " મને ઉડવાદો, મા, મને ઉડી જવાદે " બચ્ચા, જ્યાસુધી નાની પાંખો વધારે મજબુત થાય ત્યાંસુધી થોડા લધારે વખત આરામ લે. " તેથી તેણી થોડો રૂધારે વખત આરામ લેછે. ત્યારપછી તેણી ઉડી જાય છે.

---

21. THE CAT.

Cat (કૅટ્) બિલાડી.
Body (બૉડી) શરીર.
Sharp (શાર્પ્) તીક્ષ્ણ.
Claws (ક્લૉઝ્) નહોર
End (એન્ડ્) છેડો
Pows (પૉઝ્) પંજા
Tease (ટીઝ્) ખીજવવું.
Scratch (સ્ક્રૅચ) લીસોટા કરવા, નહોર મારવા
Quick (ક્વિક્)ઉતાવળી
Rats (રૅટસ્) ઉંદરો.
Mice (માઇસ્) ઉંદરો.
Night-time(નાઇટ્-ટાઇમ્) રાત્રીનો વખત.
Hole (હોલ્) દર.

Atlast (ઍટ્લાસ્ટ્) છેવટે
Kills (કિલ્સ્) મારી નાખેછે.
Milk (મિલ્ક્) દુધ.
Meat (મીટ્) માસ.
Bread (બ્રેડ્) રોટલી.
Fond (ફૉન્ડ્) શોખીન
Fish (ફિશ્) મછલીઓ.
Kittens (કિટન્સ) બિલાડીનાં બચ્ચા.
Licks (લિકસ્) ચાટેછે.
Moves (મૂવ્ઝ્) ખસેડેછે.
Tail (ટેઈલ્) પુંછડી.
Play (પ્લે) રમત.
Mewing (મ્યુઇંગ્) મીઆંઉ મીઆંઉ કરતી.

Guard (ગાર્ડ) રક્ષણ કરવું.
Should (શુડ) જોઇએ. (શૉલનો ભૂતકાળ.)
Kind (કાઈન્ડ , માયાળુ

PHRASES.

She brings them food—તેણી તેમને માટે ખોરાક લાવે છે

પાઠ ૨૨ મો. બિલાડી

જુઓ! બિલાડી આવી. તેના શરીર ઉપર તેને ટૂંકા ન [illegible] વાળ હોય છે. તેના પંજાની છેડે તેને તીક્ષણ નહોર હોય છે. તેને ખીજવતા નહી તેના નહોરથી તે તમને નહોર મારશે. બિલાડી ઘણી ઝડપી હોય છે, અને કોળો અને ઉંદરો પકડી શકે છે. કોળો અને ઉંદરો ખોરાક ચોરવાને રાત્રીના વખતમા આવે છે બિલાડી તેમને માટે રાહ જુએ છે. તે રાત્રે જોઈ શકે. જ્યારે ઉંદર તેના ઘરમાથી બાહાર આવે છે ત્યારે બિલાડી કુદકો મારે છે અને તેને પકડે છે. તે તેની જોડે રમે છે. છેવટે તે ઉંદરને મારી નાખે છે અને તેને ખાઈ જાય છે. બિલાડી દુધ પીવે છે. તે માંસ અને રોટલી ખાય છે, અને માછલી-ઓની શોખીન હોય છે. બિલાડી તેનાં નાનાં બચ્ચાને ચાહે છે. તેમને સ્વચ્છ કરવાને તેણી તેમને ચોગરદમ ચાટે છે. તેણી તેમને માટે ખોરાક લાવે છે, અને તેમને ઉંદર પકડતાં શીખવે છે. તેણી તેણીની પુંછડી હલાવે છે. અને બચ્ચાં તેના જોડે રમે છે. બચ્ચાં રમતનાં ઘણાં શોખીન હોય છે. તેઓ આમતેમ કુદે છે. મા તેના મોંમાં તેમને લઈ જાય છે. તેણી તેમને મીઆઉં મીઆઉં કરીને બોલાવે છે. બચ્ચાં પણ મીઆઉં મીઆઉં કરે છે. બિલાડીઓ અને કુતરાઓ આપણા મીત્રો છે. કુતરાઓ રાત્રે આપણા ઘરોની ચોકી કરે છે, અને કોળો અને ઉંદરો પકડે છે. આપણે તેમનો જોડે માયાળુ થવું જોઇએ.

---

22 GOATS.

Goats (ગોટસ્) બકરાઓ.
These (ધીઝ્) આ (ધિસનું બહુવચન).
Ears (ઇઅર્સ્) કાનો.
Horns (હૉર્ન્સ) શીંગડાં.
Cow (કાઉ) ગાય.
Butt (બટ્) શીંગડું મારવું.
Beat (બીટ્) મારવું.
Less (લેસ્) ઓછું, વધારે થોડું.
Cow's (કાઉ'ઝ્) ગાયનું.
Better (બેટર્) વધારે સારૂં.
Goat-man (ગોટ્ મૅન્) બકરાં રાખનાર; ભરવાડ
Between (બીટવીન્)વચ્ચે.
To milk (ટુ મિલ્ક) દોહવાને.
In front of (ઇન્ ફ્રન્ટ્ ઑફ્) નીનજદીક.
Earthen (અર્થન્) માટીનું.

PHRASES.

Why is this—આ શાથી છે ?—આમ કેમ બને છે ?

પાઠ ૨૨ મે. બકરાઓ.

આ બે બકરાઓ છે. કેવા લાંબા કાન તેમને છે! ગાયની પેઠે તેઓને શીંગડાં છે. તેઓ મને તેઓનાં શીંગડાથી શીંગડું મારશે? જો તમે તેમને મારશો નહી તો તેઓ તમને શીંગડાં મારશે નહી. તેઓને ટૂંકી પુંછડીઓ હોય છે. બકરાઓ દૂધ આપે છે. તેઓનું દુધ પીવાને મીઠું અને સારૂં હોય છે. બકરો ગાયની પેઠે વધારે દુધ આપતો નથી. આમ કેમ બને છે? બકરો ગાય કરતા નાનો હોય છે. તેથી તે ઓછું દુધ આપે છે. ગાયનું દુધ બકરાના દુધ કરતાં વધારે સારૂં હોય છે. રખવાળ બકરાઓ વચ્ચે ઉભો છે. તે તેમને દોહવાને જાય છે. તેની નજદીક માટીનું વાસણ છે. વાસણમાં તે દુધ નાખશે.

23 THE SHEEP.

Sheep (શીપ્) ઘેટાં.
Ram (રૅમ્) ઘેટો.
Male (મેઈલ્) નર.
Male sheep (મેઈલ્ શીપ્) ઘેટો.
Straight (સ્ટ્રેઈટ્) સીધાં.
Twisted (ટ્વેસ્ટેડ્) વાંકાં વળેલાં.
Skin (સ્કિન્) ચામડી.
Coat (કોટ્) ડગલો.
Cloth (ક્લૉથ્) લૂગડું. (શીવ્યા વગરનું).
Clothes (ક્લોધ્ઝ્) તૈયાર લૂગડાં.
Flocks (ફ્લૉક્સ્) ટોળાં.
Shepherd (શેફર્ડ્) ભરવાડ.
Drives (ડ્રાઈવ્ઝ્) હાંકે છે.
Fields (ફીલ્ડ્ઝ્) ખેતરો.
To graze (ટુ ગ્રેઝ્) ચરવાને.
Mild (માઈલ્ડ્) નરમ.
Quiet (ક્વાયટ્) શાંત.
Harm (હાર્મ્) ઇજા.

PHRASES.

They make wool into cloth—તેઓ ઉનનાં કપડાં બનાવે છે.

પાઠ ૨૩ મો. ઘેટાં.

આ શું છે ? તે બકરો છે ? ના, તે ઘેટું છે. તે ઘેટો અથવા નર ઘેટું છે. કેવાં સુંદર શીંગડા તેને છે ! શીંગડાં સીધાં નથી. ઘેટાનાં શીંગડાં વાંકાં વળેલાં છે. બકરાનાં શીંગડાં સીધાં હોય છે. ઘેટાને તેની ચામડી ઉપરનું ધીચ ઉન ગરમ રાખેછે. માણસો ઘેટાં ઉપરથી ઉન કાપી લેછે. ત્યારપછી તેઓ ઉનનાં કપડાં બનાવેછે. તેઓ લૂગડાંનાં ગરમ તૈયાર કપડાં બનાવેછે. માણસો ઘેટાનાં ટોળાં રાખેછે. ટોળામાં ઘણાં ઘેટાં હોય છે. ઘેટાં ઘાસ ખાય છે. ભરવાડ ઘેટાંને ચરવાને ખેતરોમાં હાંકી કાઢેછે. ઘેટાનું ઉન બકરાના વાળ કરતાં વધારે જાડું હોય છે. ઘેટાં ઘણાં નરમ અને શાંત હોય છે. તેઓ કોઈને ઇજા કરતાં નથી.

24. FOR YOU AND FOR ME.

Bright (બ્રાઇટ્) પ્રકાશીત.
Shines (શાઇન્સ્) ચળકેછે
Deep (ડીપ્) ઉંડું.
Sky (સ્કાય્) આકાશ.
Pale (પેઇલ્) ફીકું.
Lights (લાઇટ્સ્) પ્રકાશીત.
Clouds (ક્લાઉડસ્)વાદળાં.
On high (ઑન્ હાઇ) ઉંચે.
Twinkling (ટિવન્કલિંગ્) ચમકતા.
Golden (ગોલ્ડન્) સોનેરી.
Sinks down (સિન્કસ્ ડાઉન્) આથમેછે; ડુબેછે.
West (વેસ્ટ્)પશ્ચિમદીશા.
Each (ઇચ્) દરેક.
Sweetly(સ્વીટ્લી)મીઠાશથી.
Sings (સિંગ્સ્) ગાયછે.
Hum (હમ્) હમ હમ આવાજ કરેછે.
Gay (ગે) સુંદર ભભકા બંધ.
Smile (સ્માઇલ) હસેછે.
Scent (સેન્ટ્) સુગંધીદાર બનાવેછે.
Air (ઍર્) હવા
Bloom (બ્લૂમ્) ખીલવું.
Great (ગ્રેટ્) મોટા.
God (ગૉડ્) પરમેશ્વર.
Lives (લીવ્ઝ્) રહેછે; જીવેછે.
Has made (હૅઝ્ મેઇડ) બનાવીછે.
Loving (લવિંગ્) પ્રેમાળ.

PHRASES.

They scent the sweet air—તેઓ મધુર હવાને સુગંધીદાર બનાવેછે.

પાઠ ૨૪ મો. તમારે માટે અને મારે માટે.

પ્રકાશીત સુર્ય ઉંડા ભુખરા આકાશમાં ચળકેછે, ફીકો ચંદ્રમા ઉંચે વાદળીને પ્રકાશીત બનાવેછે, અને આપણે રાત્રે ચમચમ ચમકતા તારાઓ જોઇએ છીએ, સુર્ય ચંદ્રમા અને તારાઓ તમારે માટે અને મારે માટે ચળકે છે. જ્યારે સોનેરી સૂર્ય પશ્ચિમ દીશામાં ડુબે છે ત્યારે દરેક નાનું પક્ષી તેના

પોતાના નાના માળામાં ઘેર ઉડી જાય છે, બાગના ઝાડમાં કેટલી મધુરતાથીતે ગાય છે ! અને તેઓનાં મધુર નાનાં ગીતો તમારે માટે અને મારે માટે છે. ઉદ્યોગી મધમાખીઓ સુંદર ફુલોની આસપાસ હું હું અવાજ કરે છે, તેઓ ખુલે છે અને આપણાતરફ દરરોજ હસે છે, તેઓ મધુર હવાને સુગંધીદાર બનાવે છે અને મધમાખીને ખોરાક આપે છે, અને તેઓ તમારે માટે અને મારે માટે જીવે છે અને ખીલે છે. મહાન ઈશ્વર સારો છે. તે ઉંચે રહે છે, તે આકાશમાં તેના ઘરમાંથી આપણા બધા ઉપર નીચે જુએ છે, તેણે બધી ચીજો બનાવી છે. તે માથાળુ અને પ્રમાણીક છે ! આપણે માટે તમારે માટે અને મારે માટે તેણે બનાવી છે.



Printed & Published by V. V. Pathak, Jagadishwar Press, Girgaon Gaiwadi House No 2 Bombay.